દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૧ ઓક્ટોબર, ૨૦૨૫


# ડિજિટલ એરેસ્ટના વધતા બનાવો: સુપ્રીમ કોર્ટે પણ સ્વયંભૂ નોંધ લેવી પડી

ડિજિટલ એરેસ્ટ એ થોડા વર્ષો પહેલા બિલકુલ અજાણ્યો કે કદાચ અસ્તિત્વમાં નહીં આવેલો શબ્દ હતો પણ હવે સાયબર ગુનાના એક સ્વરૂપ તરીકે ખૂબ ચર્ચિત બની ગયો છે. આ અપરાધના બનાવો એટલા વધી ગયા છે કે હવે સુપ્રીમ કોર્ટ પણ તેની સ્વયંભૂ નોંધ લઇને સક્રિય થવું પડ્યું છે. ડિજિટલ ધરપકડ'એ સાયબર ક્રાઇમનું ઝડપથી વિકસતું સ્વરૂપ છે જેમાં છેતરપિંડી કરનારાઓ કાયદા અમલીકરણ અધિકારીઓ તરીકે પોતાને રજૂ કરીને ટાર્ગેટને કહે છે કે તે 'ડિજિટલ' અથવા 'વર્ચ્યુઅલ' ધરપકડ હેઠળ છે અને વિડિઓ અથવા ઓડિઓ કોલ દ્વારા તેમની સાથે જોડાયેલા રહેવું જોઈએ. તેમના પર અશ્લીલ સામગ્રી શેર કરવાનો અથવા મની લોન્ડરિંગ રેકેટનો ભાગ હોવાનો આરોપ છે. પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ઉત્સુક, ઘણા ટાર્ગેટ મોટી માત્રામાં પૈસા ટ્રાન્સફર કરે છે, પરંતુ પછીથી ખ્યાલ આવે છે કે તેમની સાથે છેતરપિંડી થઈ છે.પોલીસે ઘણી માર્ગદર્શિકાઓમાં ભાર મૂક્યો છે કે 'ડિજિટલ ધરપકડ' અથવા 'વર્ચ્યુઅલ ધરપકડ' નામનું કંઈ નથી, પરંતુ આવી ઘટનાઓમાં વધારો દર્શાવે છે કે સંદેશ મોટા વર્ગ સુધી પહોંચ્યો નથી. આવી છેતરપિંડીના પસંદગીના લક્ષ્યો વરિષ્ઠ નાગરિકો છે જેઓ ટેકનોલોજીથી ખૂબ વાકેફ નથી અને ઘણીવાર આવી પરિસ્થિતિઓમાં ગભરાઈ જાય છે. પછી કૌભાંડીઓ તેમને જાળમાં ફસાવે છે અને તેમના જીવનભરની બચત લૂંટી લે છે.

ડિજિટલ એરેસ્ટના છેલ્લા કેટલાક સમયમાં અનેક બનાવો બન્યા છે જેમાં હાલનો ગુજરાતનો એક બનાવ ઘણો ચર્ચિત બન્યો છે. ગાંધીનગરમાં એક વૃદ્ધ મહિલા ડોક્ટરને ત્રણ મહિનાથી વધુ સમય સુધી 'ડિજિટલ ધરપકડ' હેઠળ રાખવામાં આવી હતી, છેતરપિંડીબાજોને 19 કરોડ રૂપિયાથી વધુ ચૂકવવા માટે તેમનું બ્લેકમેલ કરવામાં આવ્યું હતું. પોતાની ફરિયાદમાં ડોક્ટરે જણાવ્યું હતું કે માર્ચમાં તેણીને મળેલા એક ફોન કોલથી આ બધું શરૂ થયું હતું. કૌભાંડીઓએ ડોક્ટરને કહ્યું કે તેણી મુશ્કેલીમાં છે. આ બધા કોલ કરનારાઓએ વૃદ્ધ ડોક્ટરને કહ્યું કે તેના ફોન નંબર પરથી વાંધાજનક સંદેશા મોકલવામાં આવી રહ્યા છે. તેમણે ડોક્ટરને કહ્યું કે તેમના એકાઉન્ટનો ઉપયોગ મની લોન્ડરિંગ પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો છે. ડોક્ટર મૂંઝાઈ ગયા, અને તેમને લાગ્યું કે તે ખરેખર મુશ્કેલીમાં છે અને તેમણે નાણા ટ્રાન્સફર કરી આપ્યા. આવા તો અનેક બનાવો બન્યા છે.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દેશભરમાં નાગરિકોને લક્ષ્ય બનાવતી ડિજિટલ ધરપકડ અને સાયબર છેતરપિંડીના વધતા જતા કેસ, ખાસ કરીને બનાવટી ન્યાયિક આદેશો સાથે સંકળાયેલા કેસ અંગે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. સાયબર ગુનાની વધતી જતી ઘટનાઓ અંગે, સર્વોચ્ચ અદાલતે કહ્યું કે આવા ગુનાઓને રોકવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલિત પ્રયાસની તાત્કાલિક જરૂર છે. જસ્ટિસો સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલા બાગચીની બેન્ચે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) અને ગૃહ મંત્રાલયને નોટિસ ફટકારી છે, જેમાં સુપ્રીમ કોર્ટ દ્વારા શરૂ કરાયેલી સુઓ મોટો કાર્યવાહીનો જવાબ માંગવામાં આવ્યો છે. ડિજિટલ એરેસ્ટના આવા બનાવોને રોકવા જનજાગૃતિના હાલના પ્રયાસો ઓછા પડે છે, હજી આ પ્રયાસો વ્યાપક બનાવવાની જરૂર છે અને કાયદાઓ પણ કડક બનાવવાની જરૂર છે.

## જીવન સહેલું બનાવવા માટે



''જીવન તો બધાનું અઘરું જ છે અને રોજ એક નવી ચુનૌતી સામે ઊભી જ હોય છે. દરેકના જીવનમાં તકલીફો અને પડકારો હોય જ છે. બસ તેના પ્રકાર જુદા જુદા હોય છે. આ જીવનની હકીકત છે.'' મીનાબહેન પોતાની સાંજની બાંકડાની બહેનપણીઓ સાથે વાતો કરી રહ્યાં હતાં. મીનાબહેનને વર્ષોથી ઓળખતી તેમની બહેનપણી નિશાબહેન બોલ્યાં, ''મીના, સાચી વાત છે. બધાના જીવનમાં તકલીફો તો હોય જ છે અને તારા જીવનમાં તો જાણે તકલીફોની ભરમાર રહી છે.એક સાંધતાં તેર તૂટે તેવી આર્થિક સ્થિતિ...બાળકો ...સસરાની માંદગી અને હવે પતિની પણ વહેલી વિદાય... તકલીફો નહિ પણ જીવનમાં આટલાં મોટાં તોફાનોનો તેં હસતે મોઢે સામનો કર્યો છે.મને નવાઈ એ લાગે છે કે જીવનની અઘરી પરિસ્થિતિઓ વચ્ચેથી તે આટલી સહેલાઈથી માર્ગ કઈ રીતે કાઢ્યો કે તું સદા હસતી રહે છે.'' મીનાબહેન બોલ્યાં, ''જીવન બધાનું અઘરું જ હોય છે, તે ક્યારેય સહેલું હોતું નથી. દરેક વિષમ સ્થિતિ તેને વધુ ને વધુ અઘરું બનાવે છે અને આપણે તેને સહેલું બનાવવું પડે છે.'' નિશાબહેને કહ્યું, ''તું હમણાં કહે છે જીવન અઘરું છે. વળી કહે છે તેને સહેલું બનાવવું પડે છે, તો એ કહે કે અઘરું જીવન સહેલું કઈ રીતે બનાવી શકાય?'' મીનાબહેન બોલ્યાં, ''જીવનને સહેલું બનાવવા માટે ત્રણ મંત્ર છે - સ્વીકાર કરો... ઉપેક્ષા કરો...ભૂલી જાવ. જીવનમાં અમુક બાબતો અને પરિસ્થિતિ જે તમે બદલાવી ન શકો ..જે તમારા હાથમાં ન હોય... તે બધાનો મનથી સ્વીકાર કરી લો. એક વાર સ્વીકાર કરી લેશો તો જે અઘરું લાગતું હશે તે પણ સહેલું થતું જશે અને અમુક વાર ગમે તેટલી માથાફોડ કરો, તે સ્થિતિ કે વ્યક્તિ બદલાવાની ન હોય... અમુક સ્થિતિ અને સંજોગો અને વ્યક્તિ સામે ધ્યાન-બહેરા બની જાવ એટલે કે તેની ઉપેક્ષા કરો, ધ્યાન ન આપો અને પોતાના માર્ગે આગળ વધો, જીવન થોડું સહેલું થતું જશે. સૌથી અગત્યનો મંત્ર ભૂલી જાવ. જીવનમાં જે કંઈ અણગમતું થયું... જેને કારણે થયું...તે બધું કડવી યાદોને ભૂલી જાવ. મીઠી યાદો ભલે યાદ રાખો પણ જીવનમાં કડવી યાદોને ભૂંસી નાખવાથી જીવન જીવવું સહેલું બની જાય છે. જીવન સહેલું કોઈનું નથી પણ આ ત્રણ મંત્રોને જીવનમાં અપનાવી જીવનને સહેલું બનાવવું પડે છે.'' મીનાબહેનની વાતોમાં અનોખી શીખ હતી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

# પ્રજા પણ અત્યાચારોની તીવ્રતા રાજ્ય અને પાર્ટી મુજબ નક્કી કરે છે?

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

''તો રાજવીર તમારા મતે ''સ્થળ'' નક્કી કરશે કે સ્ત્રી કેવા ચારિત્ર્યની છે''.

ફિલ્મ પીંકમાં અમિતાભ બચ્ચન આપણા દંભી સમાજ સામે કેટલાક પ્રશ્નો ઊભા કરે છે. આપણી ન્યાય દૃષ્ટિમાં જે ખામી છે તે માટે તે આકરા સવાલ કરે છે. આપણે સ્ત્રી માટે કપડાંના આધારે નિર્ણય કરીએ છીએ, એ ક્યા સમયે ફરવા જાય છે તે મુજબ તેની ચાલચલગત નક્કી કરીએ છીએ. તે જો હસી મજાકથી, મિત્રોને અડી અડીને વાતો કરે છે તો આપણે નક્કી કરીએ છીએ કે તે કેવી છે. જો કે પુરુષો માટે આવા કોઈ નિયમો નથી. ફિલ્મ પીંકમાં સ્ત્રીના ચારિત્ર્ય વિષે જે વાત થઇ છે તે જ વાત આજે દેશમાં સામાન્ય માણસ પર થતા અત્યાચાર બાબતે થઇ રહી છે. ખાસ કરીને બળાત્કાર જેવા જઘન્ય અપરાધ માટે આપણા દૃષ્ટિકોણમાં તફાવત છે. આમ તો અપરાધ એ અપરાધ છે. એમાંય બળાત્કાર જેવો અપરાધ જે સ્ત્રીના અસ્તિત્વને જ હલબલાવી નાખે છે તે માફીને પાત્ર નથી અને ખૂન, બળાત્કાર જેવા અપરાધમાં રાજકીય પીઠબળ એ આપણા નવા જાહેર જીવનની અતિ ક્રૂર ઘટના છે. ભારતભરમાં રાજકીય વગ ધરાવતા ગુનેગારો સામે કાયદાનું તંત્ર લાચાર છે અને બીજું આપણી ન્યાય પ્રક્રિયાના વિલંબ સામે આપણે લાચાર છીએ.

દેશમાં પશ્ચિમ બંગાળમાં તાલીમી ડોક્ટર સાથે થયેલા અત્યાચાર સામે ભારે આક્રોશ ઊભો થયો હતો અને આખા દેશમાં ડોકટરો સહિત સૌએ વિરોધ, બંધનાં એલાનો વગેરે આપ્યાં હતાં પણ હમણાં એવો જ કિસ્સો દિલ્હીમાં બન્યો ત્યારે સમાચારો સિવાય ક્યાંય ચર્ચા ના થઈ, પણ સાથે સાથે અજમેરમાં સો યુવતીઓ સાથે સામુહિક બળાત્કારના આરોપીઓને બત્રીસ હા, બત્રીસ વર્ષે સજાનો ચુકાદો આવ્યો હતો - એ સમાચારો પણ બહુ ચર્ચાયા ન હતા.

થોડા સમય પહેલાં મહિલા બોક્સિંગ અને કુસ્તીમાં ભાગ લેતી યુવા ખેલાડીઓએ એક રાજકીય નેતા પર ગંભીર આરોપો મૂક્યા હતા અને વ્યાપક આંદોલન ના થયું ત્યાં સુધી પોલીસે ફરિયાદ નોંધવામાં પણ સંજ્ઞાન નોતું લીધું.

**જેમ પશ્ચિમ બંગાળમાં સ્ત્રી ઉપર અત્યાચાર થયો અને સ્ત્રી મુખ્યમંત્રી જ ચૂપ હતાં તેમ ભાજપ અને કોંગ્રેસમાં રહેલાં મહિલા ધારાસભ્યો, સાંસદો પોતપોતાના રાજ્યમાં ચૂપ રહે છે. પછી તે દિલ્હી હોય કે બિહાર. પછી આમાં ન્યાય ક્યાંય નથી**

યુપી બિહારમાં બળાત્કારના આ અગાઉ ઘણા કિસ્સા બન્યા, આક્રોશ કરતાં ટોળાં પર આરોપીએ ગાડી ચડાવી દીધી તે કિસ્સા સરળતાથી ભુલાવી દેવાયા છે અને ગુજરાતના ચકચારી બલાત્કાર કાંડના આરોપીઓને સજામાં માફી આપવાના વિવાદો પર જુના નથી.

અત્યાચારી શાસકોનું એક લક્ષણ એ છે કે તે અત્યાચાર કરે અને તમે એ અત્યાચારો યાદ રાખો તો પણ તેને ના ગમે! એટલે અત્યારે પીંકમાં અમિતાભે પૂછ્યો હતો તે પ્રશ્ન ફરી ઉપસ્થિત થયો છે કે શું અત્યાચારની તીવ્રતા સ્થળ જોઈને, વ્યક્તિ જોઈને નક્કી થશે? પશ્ચિમ બંગાળમાં બલાત્કાર થાય તો તે અત્યંત ધૃણાસ્પદ અને ગુજરાતમાં થાય તો? કોઈ ડોકટર, સચિવ કે ઉચ્ચ મધ્યમ વર્ગની મહિલા સાથે અત્યાચાર થાય તો આખો દેશ વ્યથિત થાય અને બાંધકામ સાઈટ પર કોન્ટ્રાકટરના શોષણનો ભોગ બને એની દેશ નોંધ સુધ્ધાં ના લે. કોંગ્રેસને શીખો પરના અત્યાચારો યાદ કરો તો ના ગમે. ભાજપને ગોધરાકાંડ પછીનાં તોફાનો યાદ કરો તો ના ગમે. ગુજરાતમાં નલિયાસીડી કાંડ બહુ ચગ્યો પછી શું થયું? રાજનેતાઓ તો ફરી જાય પણ સમૂહ માધ્યમો કેમ ચૂપ?

ખરી વાત એ છે કે ભારતમાં ખાનગીકરણ અને ઉદારીકરણ પછી જે સામાજિક, આર્થિક પરિવર્તનો આવ્યાં છે તેને સંપત્તિ અને સેક્સ ( જાતીય જીવન ) વિશેના આપણા ખ્યાલોમાં મોટું પરિવર્તન આણ્યું છે. બન્નેની અમર્યાદિત ભૂખ સત્તાની સાથે ખૂલી છે અને માટે ભ્રષ્ટાચાર અને વ્યભિચારનો વ્યાપ વધ્યો છે. ક્યાંક શોષણ છે, ક્યાંક પરિસ્થિતિનો લાભ છે તો ક્યાંક બળાત્કાર જેવો સીધો અત્યાચાર છે. મોબાઈલમાં અશ્લીલ વીડિયો અને મિત્રમંડળમાં અશ્લીલ વાતો, ગાળોના આધાર વગર તો આપણા યુવાનો વાત નથી કરતા. આવા સંજોગોમાં સમાજ હજુ અધર્મી સદીના દંભમાંથી બહાર નથી આવતો એટલે આપણી તમામ ઉંમરની સ્ત્રીઓ અસલામત બની ગઈ છે. સ્કુલથી માંડીને જાહેર જગ્યાઓ સુધીનાં તમામ સ્થળોએ તે એક અજબ નજરનો શિકાર બને છે. આ બળાત્કારો, શોષણ અને અત્યાચારોને રાજકીય રંગ આપીને રોટલા શેકનારા મોટા ગુનેગાર છે. સ્ત્રી પ્રત્યે આદર અને સન્માન હોય તેના પર થતા અત્યાચાર રોકવા સરકારનું નાક દબાવવું હોય તો બધા જ કિસ્સામાં બોલવું પડશે.

જેમ પશ્ચિમ બંગાળમાં સ્ત્રી ઉપર અત્યાચાર થયો અને સ્ત્રી મુખ્યમંત્રી જ ચૂપ હતાં તેમ ભાજપ અને કોંગ્રેસમાં રહેલાં મહિલા ધારાસભ્યો, સાંસદો પોતપોતાના રાજ્યમાં ચૂપ રહે છે. પછી તે દિલ્હી હોય કે બિહાર. પછી આમાં ન્યાય ક્યાંય નથી.

આપણે આ કોલમમાં પહેલાં પણ લખ્યું હતું કે આપણે લાગણી કે આક્રોશમાં પણ પરાવલંબી છીએ. કોઈક કહે તો દુ:ખી થઈએ છીએ. કોઈ કહે તો આક્રોશમાં આવીએ છીએ. બંગાળની ઘટના માટે ગુજરાતમાં છેલ્લા એક અઠવાડિયાથી સરકારી દવાખાનામાં ઓ. પી. ડી. બન્ધ છે? શું ગરીબ દર્દીઓની સારવાર બંધ કરવાથી બંગાળમાં ન્યાય થઇ જવાનો છે? આ અજમેર કેસમાં બત્રીસ વર્ષે ચુકાદો આવ્યો... જરા વિચારો તો ખરા!!.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# કંકાસી લાગણીનું સંતાન એટલે અપરાધ...!

## મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

'અપરાધ'શબ્દ પડે એટલે આંખ ચકળવકળ થાય. નેપાળી જેવી આંખ હોય તો 'હાઈબ્રીડ' બની જાય. અપરાધ બીજું કંઈ નહિ, કંકાસી લાગણીનું પ્રોડક્શન..! એ ખરાબ સોબત-ગરીબી-બેરોજગારી કે અનુચિત ઉછેર વગેરે કારણોની જનેતા પણ છે. કુંઠિત લાગણીઓનું સીધી લીટીનું સંતાન એટલે અપરાધ..! મગજના ઝાંપલામાં જ્યારે નહિ ગમતું ઘુસણખોરી કરે ત્યારે અપરાધ ફાલે. કારણો તો કોઈપણ હોય. જીવતરની સ્વચ્છંદતામાં જ્યારે સુનામી આવે ત્યારે, નામીને પણ 'બદનામી'નો થપ્પો લાગે..! જેમ અચાનક પ્રેમ થઇ જાય, એમ અપરાધ પણ થઇ જાય..!

**હાથમાં છે શંકાનો નકશો જવું છે શ્રધ્ધા સુધી**
**પગમાં લંકા ખદબદે ને જવું છે અવધ સુધી**

મકાન ઉપર ભલે 'શ્રીરામ -નિવાસ' લખ્યું હોય, પણ અંદર રાવણ પણ રહેતો હોય..! જીવનનું આ હાસ્યાસ્પદ સત્ય છે..! અપરાધ એ ઈશ્વરની બક્ષિસ નથી, માનવસર્જીત ઉપાધિ છે. એ જ્યારે આવે ત્યારે, ફક્કડ બાવા ગિરધારી બનીને આવતો નથી. પરિવાર સાથે આવે. એના પણ પ્રકાર હોય. કેટલાંક વારસામાં આવે, કેટલાંક જાતે ઉપાર્જિત કરેલાં હોય..! જેમાં કોઈ ભાવનાત્મક હોય, કોઈ ગુસ્સાનો હોય, કોઈ મનસ્વિતાનો હોય, તો કોઈ મફતનું પચાવી પાડવાની લાલસામાં લપટાયેલો હોય..! વાણીમાં વક્રતા આવે ત્યારે પણ અપરાધભાવ ઊભો થાય. સરકારી નળ ઉપરથી પાણી ભરતી પનિહારીનાં વલણથી પણ અપરાધ આવે, મિજાજની લગામ તૂટે ત્યારે પણ આવે. ફરક એટલો કે, જેમ બધા જ સાપ ઝેરીલા હોતા નથી, એમ બધા જ અપરાધ ઝેરીલા પણ હોતા નથી. આયનો સાફ ના હોય અને પોતાનું જ સ્વરૂપ કદરૂપું દેખાય ત્યારે પણ અપરાધ ભાવ જાગે. જે નિર્દંખ હોવા છતાં, ચહેરાનો તાવો બદલી નાંખે..! એમાં ખુન્નસ નહિ ચઢે, પણ અભિમાન-ભંગ થાય. અપરાધે-અપરાધે ટેસ્ટ અલગ હોય મામૂ..! બધા જ અપરાધના 'ટેસ્ટ' સરખા હોતા નથી. કોઈ અપરાધ સાદા ઢોસા જેવો હોય, તો કોઈ મસાલા ઢોસા જેવો પણ હોય..! જેને દિવાળીમાં હોળી દેખાય, ને હોળીમાં દિવાળી દેખાય તો માનવું કે, બંદાને અપરાધનો વેધ ભરાયેલો છે.

અપરાધ એ અપરાધ છે..! માખણના બાઉલમાંથી વંદો નીકળે, તો માખણની ગરિમા ઠેકાણે પાડી દે, એમ અપરાધનું કામ, સફેદ કપડા ઉપર લાગેલા ડામરના દાઢ જેવું છે .! એ વખતે અમૃત ચોઘડિયાએ પાટલી બદલીને કાળ ચોઘડિયાને ખોળે લીધો હોય એવી અનુભૂતિ થાય. માસ્ટર માઈન્ડ ગુનેગારોની છબી સામી આવવા માંડે. પોલીસ ચોકીનો સિનારિયો દેખાવા માંડે..! મુદ્દાની વાત એ છે કે, જે ઘરમાં વડીલોની સલાહ લેવાતી નથી, ત્યાં વકીલોની અવરજવર શરૂ થઇ જાય. અપરાધની એ ફલશ્રુતિ છે. જેમનું જીવન બગસરાના ચળકાટવાળા દાગીના જેવું છે, ત્યાં અપરાધો માળા જલ્દી બાંધવા માંડે. મારે ઊંચા ગજાના અપરાધની વાત કરવી નથી. પણ ટાળી શકાય તેવા, રોજિંદા અપરાધની કથા કરવી છે..!

મારે એ કથન સામે સહેજ પણ વાંધો ચકો નથી કે, 'દયા ધરમકા મૂલ હૈ..!' પણ દરેક વખતે દયા ધરમકા મૂલ હૈ, કહેવું પણ સાલું ઉતાવળું લાગે. કારણ કે દયા ખાવામાં જ મને એક દુર્ઘટના નડેલી. ચમન-ચલ્લીને તો તમે ઓળખો..! મારો પાક્કો હિતક્ષત્રુ..! મારું હિત પણ ઠઠારે ને, દુશ્મની આપે તે બોનસ..! એના શરીરનો બાંધો એકવડો ..! જેને હચમચાવવા માટે વંટોળના વોલ્ટેજની જરૂર નહિ. પવનની લહેરખી પણ ડોલાવી નાંખે..! એવો સુકલકડી..! એના કપાળમાં કાંદા ફોડું, મને શું કુબુદ્ધિ સુઝી કે, એને સાચી સલાહ આપવાનો મેં અપરાધ કરી નાંખ્યો. એમાં હું છોલાઈ ગયો. મારાથી એટલું જ કહેવાઈ ગયું કે, 'અલ્યા, કંઈક ખાવાનું કર..! દિવસે દિવસે તું તો સુકાયને ચપટી પાપડી જેવો થઈ ચાલ્યો..? તબિયત સુધારવા માટે, મેં એને પાંચ લાખ આપ્યા, ને પચ્ચીસ વર્ષથી એ પાંચ લાખ ખાઈને બેઠો છે બોલ્લો..! એ તો તગડો થઈ ગયો, એમાં હું ખેંખડી બની ગયો..! કોઈને સલાહ આપવી પણ અપરાધ છે મામૂ..!

અપરાધ પણ ચેપી રોગ જેવો છે. પૈસા ખાવાની એક વાર આદત પડી જાય પછી, માણસ આદતને પાળતો નથી, આદત જ માણસને પાળે પણ છે, ને પાડી પણ દે છે. .! લોકોનું ખાવાની ટેવ એવી પડી ગઈ કે, ચમનીયો હવે મોંઘીદાટ ગાડીમાં ફરે છે, ને હું ફટફટીયુંમાં બેસીને કિલોમીટર કાપું છું બોલ્લો..! એક પણ ઘર એવું ના હોય કે, જેના પગ-લુછણિયા ઉપર ચમન-ચલ્લીના ચરણ ના ઘસાયા હોય..! સવાર પડે એટલે કોઈના પણ ઘરમાં 'અલખ નિરંજન' બોલીને હાજર થઈ જાય..! મીઠાબોલો માનવી એવો કે, છેલ્લે ચાહ-પાણી નહિ કઢાવે, ત્યાં સુધી ગૃહત્યાગ નહિ કરે..! ને ફેંકવામાં તો એવો ફેંકુ કે ભર દિવસે પણ આકાશમાં તારા બતાવે..! ભલા ભૂપને પણ રવાડે ચઢાવી દે..! આ તો એક વાત કે, જ્યારથી સોનાના ભાવે મર્યાદાભંગ કર્યો છે ત્યારથી, એને વધારે ફાવટ આવી ગઈ..! સૌની આગળ 'રાવણ-ચાલીસા'કરતા કહે કે, 'રાવણ અમારા પૂર્વજ હતા. અમારા પૂર્વજો પાસે સોનાની નગરી હતી. અને હું એમનો ૨૨૩૯ મી પેઢીનું ફરજંદ છું. એ બધા રાક્ષસ હતા, હું હવે સાક્ષર છું..! એના કપાળમાં કાંદા ફોડું, એક પણ કોર્નરથી રાવણનો વંશજ લાગતો નહિ હોવા છતાં, બુલેટ ટ્રેનની માફક એવી ફેંકે, કે ક્યારેક તો મિત્રને નાતે મારે પછી ખંખેરવો પડે કે, 'ઓછી નાંખ બૂચાઆઆ ઓછી નાંખ..! થોડુંક તો માપમાં રાખ..! તારે વાળ ઓળવા કાંસકાનાં ફાંફાં, ને મોટી મોટી શું ફેંકે..? આ બધા શ્રીરામના વંશજ છે. એમનામાં જો શ્રી રામ ઊભો થયો ને તો રાવણની જેમ તારી પણ પથારી ફેરવી નાંખશે. દશેરા સુધી પણ રાહ નહિ જુએ..! ખાંડણી બહુત બૂરી ચીજ હૈ..! હવે તમે જ કહો, આવા બરમૂડા મળે ત્યારે, અપરાધને તેડાં કરવાં પડે..? તમે ભલે મોટા 'ડીચ' હોય, પણ સંપૂર્ણ 'બોખો' હોય, એને તમે એક ઈંચ પણ વધારે બોખો કરી શકતા નથી..! એ આપણી નબળાઈ છે દાદૂ..! શું કહો છો રતનજી...?

**અપરાધ પણ ચેપી રોગ જેવો છે. પૈસા ખાવાની એક વાર આદત પડી જાય પછી, માણસ આદતને પાળતો નથી, આદત જ માણસને પાળે પણ છે, ને પાડી પણ દે છે. .! લોકોનું ખાવાની ટેવ એવી પડી ગઈ કે, ચમનીયો હવે મોંઘીદાટ ગાડીમાં ફરે છે, ને હું ફટફટીયુંમાં બેસીને કિલોમીટર કાપું છું બોલ્લો..!**

ખમીર તો રણે ચઢેલા યોધ્ધાઓનું કહેવાતું. આજે તો પાળિયા પૂજીને જ સંતોષ માનવો પડે, એના જેવું છે..! મૃત્યુ વગરનું ઘર નહિ મળે એમ, અપરાધ વગરનું પણ કોઈ ઘર નહિ મળે..! ભૂલમાં પણ કોઈને કોઈ અપરાધ તો થયો જ હોય..! કૂતરાને કારણ વગર હઅઅઅડ કરવું ,મચ્છરને મસળી નાંખવું કે, વાઈફ આગળ હથેળીમાં ચાંદ બતાવવો ,એ પણ અપરાધ જ કહેવાય, પણ મુલાયમ..! અપરાધના પ્રકાર હોય મામૂ..! કોઈ અપરાધ 'નોન-વેજીટેરીયન' હોય તો કોઈ 'વેજીટેરીયન' પણ હોય. આજકાલ તો અપરાધીઓના પણ વરઘોડા એવા નીકળે કે, જેની આગળ વરરાજાના વરઘોડા પણ ફિક્કા લાગે..! મને એક ગીત યાદ આવે છે...

**બસ યહી અપરાધ મૈં હર બાર કરતા હૂં**
**આદમી હું મૈં આદમીસે પ્યાર કરતા હૂં**

આ ગીત સાંભળીએ, ત્યારે તો એમ જ લાગે કે, ડોનાલ્ડ ટ્રમ્પસાહેબ ઘરે આવીને અમેરિકન પીઝા પણ ખવડાવી ગયા અને, અમેરિકાના વિઝા પણ આપી ગયા .! આવાં અર્થસભર ગીતો હોવાને કારણે જ જુનાં ગીતો ક્યારેય ઘરડાં થતાં નથી. જુના ભાડૂતની માફક, મગજના માળા ખાલી કરે એ બીજા..! ભેજામાં એવાં ચોંટી જાય કે, બુલડોઝરથી પણ નહિ ફીટે..! હજી આજે પણ હોઠ ઉપર હીંચકા ખાય છે..! આ પણ એક ગમતો મધુરો અપરાધ જ છે..!

**લાસ્ટ બોલ**

એક કાર્યક્રમ માટે મારે મુંબઈ જવાનું થયું. એક ભાઈને ત્યાં ઊતર્યો, એમણે તો ખૂબ આગતાસ્વાગતા કરી. મેં એમને પૂછ્યું કે, તમારે બાળકો નથી..? આટલું પૂછ્યું એટલે એમણે ફ્રીઝમાંથી એક બાળક કાઢ્યું..! મેં કહ્યું કેમ ફ્રીઝમાં રાખો છો..? મને કહે, ' આજકાલ અપરાધનો ગ્રાફ એટલો ઉંચો જાય છે કે, મારું બાળક બગડે નહિ એટલે હું એને ફ્રીઝમાં જ રાખું છું..! તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## બેસતા વરસનું સબરસ

આ સબરસ લઈ લો સબરસ. આ બેસતા વરસનું સબરસ. આ બરકતી સબરસ. ગલીમાં સબરસની લારી લઈને આવનાર ભાઈનો આ અવાજ હજુ આજે 80 વર્ષની ઉંમરે પણ મનભાવન મીઠો મધુરો લાગે છે. વહેલી સવારે સબરસ ખરીદવાની આ પરંપરા બાપદાદાના જમાનાથી ચાલી આવેલી છે. જે હજુ જળવાઈ રહી છે. પ્રેમથી એ સબરસ લારીવાળાભાઈ પાસે હસતાં હસતાં ખરીદી લેવું. અનુભવ પ્રમાણે કહેવું પડે કે આ સબરસ પરિવારની મહિલા પાસે રસોડામાં નમન કરી મૂકવાથી આપણા ઘરની ભંડારી સદા ભરપૂર રહે છે. ખાવામાં કયારેય ખૂટે નહીં. ઘરમાં આવનાર મહેમાન પણ સમાઈ જાય છે. સંતુષ્ટીનો અનુભવ કરે છે. ઘરની રસોડાની રાણી સહિત પૂરા પરિવાર પર અન્નપૂર્ણા દેવીની કૃપા સતત વરસતી રહે છે. ઘરના પુરુષ એ સબરસ ધંધા પર યાદ રાખીને લઈ જાય છે. ગલ્લા પર સબરસ હાથ જોડી મૂકે છે. એના કારણે બારે માસ ધંધામાં બરકત રહે છે. ઘર પાસે આવેલા મંદિરમાં પણ વંદન કરીને મૂકવાથી આપણા ઈષ્ટ દેવની કૃપા અને આશીર્વાદ મળતા રહે છે. ધારેલાં કામ પાર પડી જાય છે. વર્ષોથી આપણા સુરતીલાલાઓ આ સબરસથી બહુ સારી રીતે પરિચિત છે. એ લોકો પણ આ નિયમનું અચૂક પાલન કરે છે. યાદ રહે, સુરતનાં પાણી સાથે સુરતના સબરસના કારણે સુરતનું જમણ જગતમાં મશહૂર બની ગયું છે. સબરસ ખરીદીને તમે તમારા પરિવાર સાથે સુખી સંતુષ્ટ રહો. નવા વરસની એ જ શુભકામના. નૂતન વર્ષાભિનંદન.

સુરત - જગદીશ પાનવાલા

## સંતોષ શાંતિનું પ્રથમ સોપાન

તા. 5 ઓક્ટોબરની ''ગુજરાતમિત્ર'' દૈનિકની રવિવારીય પૂર્તિ અંતર્ગત 'જીવનસરિતને તીરે' કોલમમાં ખૂબ સરસ વાત થઈ જે જીવનમાં અપનાવવા જેવી ખરી. 'ચાંદ મિલતા નહીં સબકો સંસાર મેં..! કહેવાય છે કે, ''નસીબમાં હોય એનાથી વધુ અને સમયની પહેલાં કોઈને કશું પ્રાપ્ત થતું નથી.'' સંતોષ એ શાંતિનું પ્રથમ સોપાન છે. પણ વધુ ને વધુ ભૌતિક સુખની પ્રાપ્તિની દોડમાં માનવી ઈમાનદારીને નેવે મૂકે છે! એંશી હજારના પગારદાર અધિકારી 3 લાખની લાંચ માંગતા ખંચકાતો નથી! વર્તમાન સમયમાં એંશી હજારનું વેતન (પગાર) ઓછો કહેવાય? પણ માનવીને સંતોષ નથી! પ્રામાણિકતાથી, શાંતિથી જીવન પસાર કરી શકાય છે. કોઈ બદનામીનો ડર તો નહીં! અખબારી આલમ દ્વારા વારંવાર લાંચ લેતાં ઝડપાયાના સમાચાર જાણવા મળે જ છે. એ લોભની નિશાની નહીં, તો બીજું શું કહેવાય? મહત્ત્વાકાંક્ષા જીવનમાં હોવી જરૂરી તો છે જ, તો જ પ્રગતિ સાધી શકાય પણ એ પરિશ્રમ અને શુધ્ધ દાનતથી પાર પાડવી યોગ્ય ગણાય. અતિ મહત્ત્વાકાંક્ષી બનવા જતાં ક્યારેક આબરૂને કલંક ન લાગી જાય એ પણ મહત્ત્વની બાબત છે. પરિશ્રમ એ જ પારસમણી. અને હકનું અવશ્ય પામવું જોઈએ. કારકિર્દી જોખમાય એ સંપૂર્ણ અયોગ્ય ઘટના કહેવાય. અતિ લોભ એ પાપનું મૂળ છે, જે અસંતોષમાંથી પ્રગટે છે. જે મળ્યું છે એ જાણીએ. પ્રભુનો ઉપકાર માની શાંતિથી જીવન વ્યતીત કરીએ એ શાણા અને ઈમાનદાર માનવીની માનસિકતા અને દષ્ટિકોણ કહી શકાય.

સુરત - નેહા શાહ

## ગુજરાતની મહિલાઓને કેમ નહીં?

હાલમાં જ બિહારમાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને વર્તમાન નીતીશ ભાજપ ગઠબંધન સરકારે બિહારની મહિલાઓને વિશેષ લાભ આપ્યો હતો જે અનુસાર દરેક મહિલાઓનાં બેંક ખાતામાં રૂ. 10000/- જમા આપ્યા હતા. જેની પાછળનો સીધો સંદેશ હતો કે વર્તમાન સરકાર મહિલાઓની આર્થિક સુરક્ષા અંગે જાગૃત છે અને મહિલાઓને સન્માન આપે છે. હવે ચિંતન અને જિજ્ઞાસા ઉદ્દભવતો પ્રશ્ન એ છે કે ગુજરાતમાં ચૂંટણીઓ આવે છે ત્યારે ગુજરાતની મહિલાઓને આવો આર્થિક લાભ કેમ આપવામાં આવતો નથી? આવું સન્માન કેમ નથી અપાતું? ઊંડાણપૂર્વક વિચારશો તો તમને પ્રત્યુતર મળશે કે બિહારમાં નીતીશ ભાજપ સામે રાજદ અને કોંગ્રેસ વિરોધ પક્ષ તરીકે ખૂબજ મજબૂત અને ચૂંટણીમાં કાંટાની ટક્કર આપે એવા પક્ષો છે. જે વર્તમાન સરકારમાં હવે પછીની ચૂંટણી પરિણામોમાં અસલામતીની ભાવના જાગૃત કરે છે જયારે ગુજરાતમાં ભાજપની સામે કોઇ મજબૂત વિરોધ પક્ષો નથી જેને પરિણામે ગુજરાતની જનતાના વોટનું યોગ્ય મૂલ્યાંકન થતું નથી જે સ્વાભાવિક છે.

મોટા મંદિર, સુરત- રાજુ રાવલ

## નાની નવી નોટ બધાને કેમ મળતી નથી?

દિવાળી નજદીક આવતા અનોખી ચહલપહેલ જોવા મળી રહી છે. સોનાચાંદી બજાર ભડકે બળી રહ્યું છે . આ બધામાં નાની કિંમતની ચલણની નોટ મળતી નથી. આમ તો બજારમાં છેલ્લા કેટલાય સમયથી એક રૂપિયાની બે રૂપિયાની અને પાંચ રૂપિયાની નોટ ગાયબ થઈ ગઈ છે. બજારમાં દેખાતી જ નથી. હવે બજારમાં કઈ લેવા જઈએ તો એક બે અને પાંચ રૂપિયાનું કઈ આવતું જ નથી. હવે દિવાળી નજીક છે ત્યારે એક રૂપિયા બે રૂપિયાની નોટના બંડલના ભાવોમાં જબરદસ્ત ઉછાળો જોવામાં આવ્યો છે. આ ભાવો જોતા એક રૂપિયા અને બે રૂપિયાની નોટ હવે સામાન્ય નોટ રહી નથી એક રૂપિયાની નોટનો ભાવ પંદર ગણો વધુ વસુલાઈ રહ્યો છે. ૧૦૦ રૂપિયાના બદલે ૧૫૦૦ રૂપિયા ભાવ વસુલ કરવામાં આવી રહ્યો છે . છેલ્લા કેટલાય વરસોથી રીઝવ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા એક રૂપિયાની બે રૂપિયાની અને પાંચ રૂપિયાની નોટનું છાપકામ મર્યાદિત કરી દેવાતા પુરવઠો ઘટ્યો છે. આ નાની નોટ જોઈએ એટલા પ્રમાણમાં એ પણ નવી નક્કોર નોટના બંડલો તમને જોઈએ એટલી કાળાબજારમાં મળી આવે છે બસ તમને તમારા ખિસ્સામાંથી ૧૫૦૦ રૂપિયા ઢીલા કરવા પડશે. બેંકમાંથી નોટ બે નંબરમાં ઓળખીતા અને ફાટેલી નોટનો વેપાર કરનારા પાસે તગડુ કમિશન લઈ પહોંચતી કરવામાં આવે છે. નવી નોટ જો વાર તહેવારે આપી શકતી ના હોય તો આટલી બધી બેંકો આપણા શું કામની? આજે વરસોથી આમ ને આમ ચાલ્યા કરે છે તો એના માટે જવાબદાર કોણ?

સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

## દશા અને દિશા

ઘટમાળ જ છે આવી પડેલ પરિસ્થિતિને અનુકૂળ થવાના પ્રયત્નો, અનુકૂળતા માટેની તત્પરતા જીવન સરળ બનાવે છે. આપણા શહેરની કેટલીક હોસ્પિટલોએ દવાનું દર્દીને વિતરણ બંધ કરી દીધું! ડોક્ટરે લખેલ દવા ઉપલબ્ધ જ નથી. સિનિયર સીટીઝન દર્દીઓ પાસે માણસ હોતાં નથી. દિવાળી બારણે ટકોરા કરે છે, તેવા સમયે દર્દીને ખાટલા પાસે દવા મળી રહે એ અતિ આવશ્યક પરિસ્થિતિ. શેરીના છોકરાં પાસે દવા મંગાવવાની વાત અરુચિકર. ભલભલા છેતરાઈ જાય તો શેરીના છોકરાની શી વાત? આજકાલ બાળકના સીરપનું લફરું ઓછું છે? કેટલાંય નિર્દોષ માર્યા ગયાં. જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતાં અપંગ-માંદા દર્દીનું વિચારો, સારા થવાનું સ્વપ્નું કોઈનું રોળાઈ ન જાય, ઘટતી વ્યવસ્થા અચૂક કરો, જોખમ ટાળો, જિંદગી બચાવો.

- કુમુદભાઈ બક્ષી